નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ

# NVV Knowledge Champion – 2018

વિદ્યાર્થીમિત્રો,

વર્તમાન સમયમાં શિક્ષણમાં  સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વ વધતું જાય છે.  આજે દરેક ક્ષેત્રનાં વિકાસ માટે જ્ઞાનની ક્ષિતિજેથી વિદ્યાર્થીને વર્તમાન બાહ્ય સ્પર્ધાત્મક કસોટીઓ માટે પણ તૈયાર કરવા એ ખૂબ જરૂરી છે. જેથી તેને સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વ સમજાય , તે માટે તૈયાર થાય અને ભવિષ્યમાં કારકિર્દી અંગે સજાગ બની શકે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા બાળકો પાઠયપુસ્તક સિવાયનું વધારાનું જ્ઞાન મેળવે છે. સ્પર્ધાત્મક પરીક્ષા આપનાર વિદ્યાર્થી તાર્કિક પ્રશ્નો ઉકેલવામાં સક્ષમ બને છે.

આ જ હેતુસર શાળા વર્ષ ૨૦૧૬ થી **NVV Knowledge Champion** ની પરીક્ષા યોજે છે જે સંપૂર્ણપણે સ્પર્ધાત્મક પરીક્ષાની પધ્ધતિથી યોજાય છે.  આ પરીક્ષામાં પ્રતિવર્ષ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાય છે. વાલીશ્રી તરફથી પણ અમારા આ પ્રયાસને સુંદર પ્રતિસાદ સાંપડયો છે.

**NVV Knowledge Champion** પરીક્ષા વિભાગ **A** (પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે) અને વિભાગ **B** (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ માટે ) એમ બે વિભાગમાં અને ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમ માટે યોજાય છે જેમાં સૌથી વધુ ગુણ મેળવનાર ત્રણ વિદ્યાર્થીઓને શાળાના વાર્ષિકોત્સવમાં પુરસ્કૃત કરવામાં આવે છે. તેઓને ચેમ્પિયન ટ્રોફીની સાથે રોકડ પુરસ્કાર પણ આપવામાં આવે છે.

| | |
|---|---|
| પ્રથમ ઈનામ | : રૂ. ૨૧૦૧/- |
| દ્વિતીય ઈનામ | : રૂ. ૧૫૦૧/- |
| તૃતીય ઈનામ | : રૂ. ૧૦૦૧/- |

વર્ષ ૨૦૧૮-૧૯ માં **NVV Knowledge Champion** પરીક્ષા દરમિયાન યોજાનાર છે જેની *રજીસ્ટ્રેશન ફી રૂ. ૩૦/-* છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે જે તે વર્ગશિક્ષકને રજીસ્ટ્રેશન ફી જમા કરાવી સત્વરે નામ નોંધાવી દેવા.

*નામ નોંધાવવાની અંતિમ તારીખ : ૧૫/૯/૨૦૧૮*

ત્યારબાદ રજીસ્ટર્ડ થયેલા દરેક વિદ્યાર્થીને શાળા દ્વારા ફોર્મ આપવામાં આવશે જેમાં જરૂરી વિગતો ભરી જમા કરાવવાની રહેશે. ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં હૉલટિકિટ આપવામાં આવશે.

- પરીક્ષા તારીખ :

  *તા:૯/૧૨/૨૦૧૮ ના રોજ  સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી*

- પ્રશ્નપત્ર વિશે માહિતી :

  ૧. પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૦૦ ગુણનું રહેશે જેમાં પ્રત્યેક પ્રશ્ન ફરજીયાત છે.

  ૨. પ્રશ્નપત્ર ૨ કલાકમાં પૂર્ણ કરવાનું રહેશે.

  ૩. પરીક્ષા પધ્ધતિ **OMR** અનુસાર રહેશે. સાચા પ્રશ્નનો ૧ ગુણ રહેશે તથા ખોટા પ્રશ્નના ૦.૨૫ ગુણ કપાશે.

- <u>અભ્યાસક્રમ</u>

૧. <u>સામાન્ય જ્ઞાન</u>

ઇતિહાસ (૧૯મી સદી નો ગુજરાત અને ભારત ), ભૂગોળ (ગુજરાત અને ભારત),વર્તમાન પ્રવાહો, ભારતીય રાજય બંધારણ, રમત-ગમત, સાહિત્ય જગત, એવોર્ડઝ અને પારિતોષિકો (સાહિત્યો,રમત-ગમત, વૈજ્ઞાનિક ક્ષેત્રે), ભારતીય અર્થતંત્ર, શાળા સામાન્ય જ્ઞાન, કમ્પ્યૂટર આધારિત સામાન્યજ્ઞાન

૨. <u>ભાષા જ્ઞાન</u>

ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી.

૩. <u>સામાન્ય માનસિક ક્ષમતા કસોટી અને માહિતીનું અર્થઘટન</u>

**Reasoning ability and Data Interpretation**

તાર્કિક પ્રશ્નો

૪. <u>ગણિત, વિજ્ઞાન</u>

પાયાના જ્ઞાન આધારિત તાર્કિક પ્રશ્નો.

- <u>ગુણભાર</u>

| વિષય | ગુણ |
|---|---|
| સામાન્ય જ્ઞાન | ૩૦ |
| ભાષા જ્ઞાન | ૩૦ |
| તાર્કિક પ્રશ્નો | ૨૦ |
| ગણિત અને વિજ્ઞાન (ધોરણ પ્રમાણે)<br>અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વાજિય વ્યવસ્થા. | ૨૦ |
| કુણગુણ | ૧૦૦ |

આચાર્ય

નારાયણ વિદ્યાવિહાર, ભરૂચ